# મારી કેફિયત

જિંદગીની પહેલી ફિલ્મ 'રાજા વિક્રમ' (ઉષા કિરણ, શાહુ મોડક) છ કે સાત વર્ષની વયે મારા વતન કેશોદના એકમાત્ર થિયેટર સૂર્ય સિનેમામાં જોયેલી એ બરાબર યાદ છે. એ જમાનામાં ફિલ્મો અને ગામમાં અવારનવાર ડેરા નાખતી નાટ્યમંડળીઓ મનોરંજનનું મુખ્ય સાધન હતી. સિનેમામાં સફળ ફિલ્મો એકાદ અઠવાડિયું ચાલતી. બાકી મહદંશે સરેરાશ કે પિટક્લાસની ફિલ્મો આવતી જે બે-ત્રણ દિવસે ઊતરી જતી.

સિનેમાઘરની અંદરના વાતાવરણની એક ભૂરકી હતી. સિનેમાની લાઇટો ધીમે-ધીમે ઝાંખી થઈ બંધ થવી, બંને તરફ લાલ લાઇટથી પ્રકાશિત 'એક્ઝિટ' લખેલા દરવાજા, પાછળના પ્રોજેક્ટર રૂમમાંથી પ્રકાશનો ઝળહળ શેરડો સફેદ પડદા પર પડવો અને પ્રેક્ષકોમાં સહસા છવાઈ જતું મૌન એક તિલિસ્મી વાતાવરણ રચતું. જાણે એક સ્વપ્નસૃષ્ટિ!

શરૂઆતમાં થોડીક ફિલ્મો વડીલો સંગે જોયા પછી છૂટો દોર મળ્યો અને હું સૂર્ય સિનેમામાં લાગતી લગભગ દરેક ફિલ્મ જોવા લાગ્યો. ફિલ્મ જોવાની તો પાંચ આનાની થર્ડ ક્લાસની ટિકિટમાં જ, જેમાં બાંકડા પર બેસવાનું રહેતું. ફિલ્મ જોવાની મજા પણ અલગ-અલગ ત્રણ તબક્કે લેવાની. સિનેમામાં ફિલ્મ લાગે ત્યારે પહેલાં સિનેમાના પ્રાંગણમાં મિત્રો જોડે એ ફિલ્મના ફોટા જોવા જવાનું. પછી સાંજના શોમાં અંદર ચાલતી ફિલ્મનાં ગીતો બહાર લાઉડસ્પીકર પર મૂકે એ સાંભળવા જવાનું, અને છેલ્લે પાંચ આનાનો વેંત થાય ત્યારે ફિલ્મ જોવા જવાનું.

કેશોદમાં બાળપણ અને કિશોરાવસ્થાનાં એ આઠેક વર્ષ દરમિયાન ત્રણસોથી ચારસો ફિલ્મ જોઈ હશે. એ ફિલ્મોનાં નામ પણ કેવાં! 'પ્રિંસેસ સાબાહ', 'ફ્લાઇટ ટૂ આસામ', 'ઝિંબો કી બેટી', 'મૅડમ ઝપાટા', 'રૂપલેખા', 'ગુરુ ઘંટાલ', 'રિપોર્ટર રાજુ', 'તેલ માલિશ બૂટ પાલિશ', 'રામૂ દાદા', 'તીન ઉસ્તાદ', 'જંગલ કિંગ', 'કાલા જાદુ', 'જાદુનગરી', 'માયા જાલ', 'જાલિમ જાદુગર', 'રામલીલા', 'રામ હનુમાન યુદ્ધ' વગેરે. બધી જ ફિલ્મો બ્લૅક ઍન્ડ વાઇટ અને થોડીક સામાજિક ફિલ્મોને બાદ કરતાં બધી જ ધાર્મિક, પૌરાણિક, ફૅન્ટસી, તલવારબાજી અને મારામારીથી ભરપૂર! કોઈક બ્લૅક ઍન્ડ વાઇટ ફિલ્મમાં વળી એક કે બે રીલ રંગીન હોય જેની એક 'આગવા આકર્ષણ' તરીકે જોરશોરથી જાહેરાત કરવામાં આવતી! ફિલ્મમાં હીરો તરીકે કામરાન, જયરાજ, રંજન, આઝાદ, મહિપાલ, દારા સિંહ કે શેખ મુખ્તાર હોય તો એ ફિલ્મની મજા જ અનેરી! પાંચ મિનિટના ઇન્ટરવલમાં ઝડપથી બહાર જઈ, પાછા દોડીને એ અંધારા જાદુઈ જગતમાં પુરાઈ જવાનો એક આનંદ હતો!

વર્ષે ૭૫થી ૧૦૦ ફિલ્મો જોવાનો એ સિલસિલો ત્યારથી તે અત્યાર લગી અવિરત ચાલુ છે. નોકરીનાં પાછલાં વર્ષોમાં આ સરેરાશ ઘટીને પચાસ થઈ હશે. યાદ છે, ૧૯૬૭માં પહેલી વાર અમદાવાદ ગયો ત્યારે સાત દિવસમાં વીસ ફિલ્મો જોયેલી! ત્યારે કોઈ મોટું શહેર જોવાનો અર્થ જ એ હતો કે બને તેટલી વધુ ફિલ્મો જોઈ શહેર ધમરોળી નાખવું! અમદાવાદમાં પણ રિલીફથી લઈને ઍડવાન્સ, રૂપાલી, મૉડેલ, પ્રતાપ, પ્રકાશ, એલ એન, લાઇટ હાઉસ, લક્ષ્મી, નૉવેલ્ટી, રૂપમ, કૃષ્ણ, અલંકાર, કલ્પના કોઈ સિનેમા બાકી નહોતું રાખ્યું. આ જ રીતે મુંબઈની પહેલી મુલાકાતમાં નવ દિવસમાં બાવીસ ફિલ્મો જોયેલી.

વર્ષો લગી આ જોયેલી ફિલ્મોનો વ્યવસ્થિત રેકૉર્ડ રાખવાની ટેવ હતી. ફિલ્મ જોયાની તારીખ, નામ, મુખ્ય કલાકારોનાં નામ, સંગીતકારનું નામ, શહેર-ટૉકીઝનું નામ અને ફિલ્મની કક્ષા (એ, બી, સી વગેરે). વર્ષ પૂરું થતાં સમગ્ર વર્ષનું સરવૈયું પણ નીકળતું. વખત જતાં એ ટેવ છૂટી ગઈ. છેલ્લાં થોડાંક વર્ષથી એ પ્રથા ફરી શરૂ કરી છે.

અત્યાર સુધીમાં સહેજે પાંચેક હજાર ફિલ્મો જોઈ હશે. શરૂઆતનાં વર્ષોમાં ફિલ્મ જોવી એ જ એકમાત્ર ઉદ્દેશ્ય હતો; પછી વર્ષો વીતતાં પસંદગીની ફિલ્મો જોવાનું વલણ થયું. મોટાં શહેરોમાં વસવાટ થતાં અંગ્રેજી કે એ સિવાયની ભાષાઓની અંગ્રેજીમાં ડબ કરેલી ફિલ્મો જોવાનું પણ શરૂ થયું. જોકે આ બધી ફિલ્મો બૉક્સ-ઑફિસ પર સફળ રહેલી ઍક્શન ફિલ્મો હતી. રાજકોટ, અમદાવાદ, મુંબઈ, બૅન્ગલોર જેવાં શહેરોમાં સંવેદનશીલ કથાનક ધરાવતી કલાત્મક વિદેશી ફિલ્મો પણ જોવા મળી. એમાં અંગ્રેજી સિવાયની ભાષાઓની ડબ થયેલી અથવા સબટાઇટલવાળી ફિલ્મો પણ હતી.

પછી તો સત્યજિત રાય, ઇંગમાર બર્ગમેન, અકિરા કુરોસાવા, યાસુજીરો ઓઝુ, લુઇસ બ્યુન્યુએલ, માઇકલૅન્જેલો એન્તોનિયોનીની, વિમ વેન્ડર્સ, થિયો ઍન્જેલોપૌલોસ અને અબ્બાસ કિયારોસ્તામી જેવા સર્જકોની ફિલ્મોનું એવું ઘેલું લાગ્યું કે વીણી-વીણીને એ બધાની મોટા ભાગની ફિલ્મો જોઈ નાખી. 'જિન ખોજા તિન પાઈયાં' એ ન્યાયે હવે તો આ બધી ફિલ્મો અલગ-અલગ ઓટીટી પ્લૅટફૉર્મ્સ ઉપર અંગ્રેજી સબટાઇટલ્સ સાથે સરળતાથી ઉપલબ્ધ છે. સાચા ભાવકોએ થોડીક જ જહેમત લેવાની રહે છે.

સેવાનિવૃત્તિ પછી પસંદગીની ફિલ્મો જોવાની પ્રવૃત્તિમાં વેગ આવ્યો. સૌ સારાં વાનાં હોય એ દિવસોમાં અઠવાડિયે બે કે ત્રણ આવી ફિલ્મો શોધી કાઢું છું અને પ્રત્યેક ફિલ્મ એક કે બે બેઠકે પૂરી કરું છું. કોઈ ફિલ્મ સબટાઇટલ્સ છતાં પૂરી ન સમજાય તો નેટ પર એ ફિલ્મ વિશે

પથરાયેલી મબલક માહિતી વાંચી ક્ષતિપૂર્તિ કરી લઉં છું. વધારાની સગવડ એ કે આમાંની ઘણી ફિલ્મોના બધા સંવાદો અને દશ્યોનું વિવરણ ધરાવતી પટકથા પણ ઑનલાઇન અંગ્રેજીમાં ઉપલબ્ધ હોય છે. એ વાંચીને પણ ખૂટતા અંકોડા પૂરી શકાય છે.

આ પુસ્તકમાં સમાવિષ્ટ સર્જકો અને એમની ફિલ્મોની વાત કરું તો આ બધા સર્જકો–એકાદ અપવાદને બાદ કરતાં–વિશ્વના સુવિખ્યાત ફિલ્મકારો છે. તેમની ચયન કરેલી ફિલ્મો કેટલાક કિસ્સામાં એમની શ્રેષ્ઠ ફિલ્મ નહીં હોય, પણ અંગત રીતે મારી મનગમતી ફિલ્મ છે. આ બધી જ ફિલ્મો મેં અગાઉ જોઈ હતી અને અહીં લખતી વખતે ફરી એમને વધુ ઝીણવટથી નીરખવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. એક અપવાદરૂપ કિસ્સામાં ફિલ્મસર્જક ક્ષન ક્રાંઝ જ એવા છે જેમની, આ લખાય છે ત્યાં સુધી, દિગ્દર્શક તરીકે રિલીઝ થયેલી એકમાત્ર ફિલ્મ 'માસ' (૨૦૨૧) છે. અહીં દર્શાવેલા સર્જકો અને ફિલ્મોનો ક્રમ એમની ગુણવત્તા કે મારી પસંદગીનો ક્રમ નથી.

અહીં સામેલ કરેલા સર્જકોમાંથી સત્યજિત રાયની મારી પસંદગીની પંદર ફિલ્મોના વિગતવાર રસાસ્વાદની એક શૃંખલા ઑનલાઇન મૅગેઝિન 'વેબગુર્જરી'માં 'સત્યજિત રાયની સૃષ્ટિ' શીર્ષકથી પખવાડિક હપ્તારૂપે પ્રગટ થઈ હતી. એ જ રીતે સ્વીડિશ સર્જક ઇંગમાર બર્ગમેનની મારી પસંદગીની દસ ફિલ્મોના રસાસ્વાદની શ્રેણી 'ઇંગમાર બર્ગમેનનું આંતરવિશ્વ' નામે એ જ મૅગેઝિનમાં પ્રકાશિત થયેલી.

અહીં સમાવિષ્ટ પાંચેક ફિલ્મો એવી છે જેના રસાસ્વાદનું સંક્ષિપ્ત સંસ્કરણ અત્રેના 'ફૂલછાબ' દૈનિકની બુધવારની પૂર્તિમાં મારી કૉલમ 'સંવાદિતા'માં પ્રકાશિત થયેલું. અત્રે ફૂલછાબ અને એના તંત્રી જ્વલંતભાઈ છાયાનો આભાર માનું છું. આ પુસ્તકમાં પ્રયુક્ત કરેલી કાવ્યપંક્તિઓમાં, જ્યાં કવિનો ઉલ્લેખ નથી, ત્યાં એ પંક્તિઓ મારી સ્વરચિત છે.

કવિ-ઉદ્‌ઘોષક-સંચાલક-લેખક અને મિત્ર રઈશ મનીઆરે એમના અતિવ્યસ્ત દિવસોમાંથી સમય કાઢી આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપી એ બદલ એમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ખરેખર તો આ પુસ્તક લખવાનો વિચાર પણ મારા મનમાં એમણે જ રોપ્યો.

ઝેન ઓપસના આભાર-દર્શન માટે શબ્દો ઓછા પડે!

છેલ્લે મારા પુત્ર કલ્પેશની પીઠ પણ થાબડવી પડે! એણે એના જ્ઞાન અને આધુનિક ટૅક્નિકલ સગવડોનો ઉપયોગ કરી આ પુસ્તકની વ્યાકરણિક ભૂલો મહદંશે સુધારી છે અને હકીકતદોષ નિવારી આપ્યા છે.

રાજકોટ **– ભગવાન થાવરાણી**

# અનુક્રમ


| | | | | |
|---|---|---|---|---|
| 1. | સત્યજિત રાય | જલસાઘર | ૧૯૫૮ | 2 |
| 2. | બેલા તાર, એગ્નેસ હ્યાનિટ્ઝકી | તુરિન હોર્સ | ૨૦૧૧ | 13 |
| 3. | અબ્બાસ કિયારોસ્તામી | ધી વિન્ડ વિલ કેરી અસ | ૧૯૯૯ | 19 |
| 4. | ફ્રાન ક્રાંઝ | માસ | ૨૦૨૧ | 27 |
| 5. | સિડની લુમેટ | ટ્વેલ્વ એન્ગ્રી મૅન | ૧૯૫૭ | 33 |
| 6. | વિત્તોરિયો દ સિક્કા | બાયસિકલ થીવ્ઝ | ૧૯૪૮ | 39 |
| 7. | મૃણાલ સેન | ખારિજ | ૧૯૮૨ | 45 |
| 8. | જુસેપ્પે તોરનાતોરે | સિનેમા પેરાડિસો | ૧૯૮૮ | 51 |
| 9. | ઇંગમાર બર્ગમેન | વિન્ટર લાઇટ | ૧૯૬૩ | 57 |
| 10. | અકિરા કુરોસાવા | ઇકીરુ | ૧૯૫૨ | 68 |
| 11. | યાસુજીરો ઓઝુ | ટોક્યો સ્ટોરી | ૧૯૫૩ | 76 |
| 12. | વિમ વેન્ડર્સ | પરફેક્ટ ડેઝ | ૨૦૨૩ | 83 |
| 13. | વુડી એલન | મિડનાઇટ ઇન પૅરિસ | ૨૦૧૧ | 91 |
| 14. | પીટર વેર | ડેડ પોએટ્સ સોસાયટી | ૧૯૮૯ | 97 |
| 15. | જાફર પનાહી | ઑફસાઇડ | ૨૦૦૬ | 103 |
| 16. | મિખાઇલ હાનેકા | અમૂર | ૨૦૧૨ | 110 |
| 17. | આંદ્રેઈ તારકોવસ્કી | ઇવાન્સ ચાઇલ્ડહૂડ | ૧૯૬૨ | 118 |
| 18. | ફ્રાંસ્વા ત્રુફો | ૪૦૦ બ્લોઝ | ૧૯૫૯ | 124 |
| 19. | જ્યાં લુક ગોદાર્દ | બ્રેથલેસ | ૧૯૬૦ | 131 |
| 20. | રોમન પોલાન્સકી | કાર્નેજ | ૨૦૧૧ | 138 |
| 21. | લુઇસ બ્યુન્યુએલ | એક્સટર્મિનેટિંગ એન્જલ | ૧૯૬૨ | 145 |
| 22. | એગ્નેસ વર્દા | વેગાબોંડ | ૧૯૮૫ | 153 |
| 23. | થિયો ઍન્જેલોપૌલોસ | લૅન્ડસ્કેપ ઇન ધી મિસ્ટ | ૧૯૮૮ | 159 |
| 24. | રિચર્ડ લિંકલેટર | બિફોર સનરાઇઝ | ૧૯૯૫ | 165 |
| 25. | ફ્રાન્સિસ ફોર્ડ કોપોલા | ધી કન્વર્ઝેશન | ૧૯૭૪ | 172 |